# મોડાસા શહેરમાં સંક્રમણ વધતા ચિંતાજનક સ્થિતિ

## ફરીથી કરફ્યુ લાવવો કે નહીં હવે નાગરિકોના હાથમાં, હાલ સ્થિતી અંકુશમાં છે, જરૂર છે આપણે અંકુશમાં રહેવાની

મોડાસા, તા. ૨૪

રાજયના અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ જેવા શહેરોમાં કોરોનાની સ્થિતિ વકરતા તંત્રને રાત્રી કર્ફયુ લાદવાની ફરજ પડી છે. ત્યારે મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં દિવાળીના તહેવારો બાદ સંક્રમણ રોકેટ ગતિએ વધી રહ્યું છે. કોરોનાની સ્થિતિ હજુ કાબુમાં હોવાનું અને સબસલામતના દાવા થઈ રહ્યા છે, ત્યારે શહેરમાં કર્ફયુની સ્થિતિ લાવવી કે નહી તે હવે શહેરીજનોના હાથમાં છે. તજજ્ઞોનું માનીએ તો શહેરમાં હાલ કોરોના સંક્રમણ અંકુશમાં હોવાનું જણાય રહ્યું છે. ત્યારે શહેરીજનો પોતાની જવાબદારી સમજીને સ્વૈચ્છિક રીતે સોશ્યલ ડિસ્ટન્સ અને માસ્ક પહેરવાના નિયમનું પાલન કરે તો મોડાસામાં કોરોના કાબુમાં આવી શકે છે. ફરીથી કર્ફયુ લાદવાની નોબત નહીં આવે. જીલ્લામાં કોરોનાનો આંક ૭૦૦ સુધી પહોંચ્યો છે, જીલ્લા પંચાયત કચેરીમાં પણ કોરોનાએ પગ પેસારો કરતા ટપાલ વિભાગમાં ફરજ બજાવતો કર્મચારી કરોનાગ્રસ્ત થતા સારવાર અર્થે દવાખાને ખસેડાયો હતો.

અરવલ્લી જીલ્લા આરોગ્ય વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર મોડાસા શહેર સહીત જીલ્લામાં હજુ કોરોનાની બીજી લહેરનો પ્રારંભ થયો નથી. શહેર અને જિલ્લામાં સંક્રમણની સ્થિતિ પણ અંકુશ હેઠળ હોવાનું આંકડાઓ પરથી જણાઈ રહ્યું છે. સામાન્ય રીતે કોરોના સંક્રમણની અસર દેખાતા ૮ થી ૧૦ દિવસ લાગી શકે છે. અર્થાત દિવાળી પહેલાં બજારોમાં જે ભીડ જોવા મળી તેનો પ્રભાવ દેખાતા ૮ થી ૧૦ દિવસનો સમય લાગી શકે. તે જોતા દેવ-દિવાળી સુધીમાં જો કોરોનાના નવા કેસના આંકડાઓમાં અસામાન્ય વધારો ન થાય તો આપણે સાવચેતી અને નિયમોનું સ્વૈચ્છિક અને ચુસ્તરીતે પાલન કરીને કોરોનાની બીજી લહેરને આવતી અટકાવી શકીએ છીએ. પરંતુ આ બધુ આપણા હાથમાં એટલે કે નાગરીકોના હાથમાં છે. જો નાગરીકો બેદરકારી દાખવશે તો કોરોનાને અટકાવવો મુશ્કેલ બનશે.




હાલ સમગ્ર વિશ્વમાં કોરોનાની કોઈ દવા કે વેકસીન ઉપલબ્ધ નથી માત્ર સાવચેતી જ એક માત્ર બચાવ છે ત્યારે અરવલ્લી જીલ્લામાં માંડ માંડ કાબૂમાં આવેલી કોરોના મહામારીને ફરીથી માથુ ઉચકતા અટકાવવા માટેની જવાબદારી હવે નાગરિકોના પોતાના હાથમાં છે. તંત્ર અને તબિબો દ્વારા કોરોનાની અટકાયત અને સારવાર માટે પર્યાપ્ત પ્રયાસો અને સુવિધા ઉપલબ્ધ કરવામાં આવ્યા હોવાનું કહી રહી છે ત્યારે આશા રાખીએ શહેરના નાગરિકો જવાબદાર-સમજદાર નાગરિક બને.

# બાયડ માર્કેટયાર્ડ આઠ દિવસ માટે બંધ રહેશે

## બાયડ તાલુકામાં કોરોનાનો કહેર વધ્યો : કોરોનાના કેસો સતત વધતા આરોગ્ય વિભાગે તપાસો હાથ ધરી

બાયડ,

બાયડ તાલુકામાં કોરોના વાયરસનું સંક્રમણ ભયજનક રીતે વધી રહ્યું છે. ત્યારે સરકાર દ્વારા કોરોના વાયરસના સંક્રમણ રોકવા માટે તમામ પ્રકારના પ્રત્નો હાથ ધરવામાં આવી રહ્યા છે પરંતુ બીજી બાજુ પ્રજાજનોમાં પણ કયાંકને કયાંક કોરોના વાયરસનું પ્રત્યે ગંભીરતાનો અભાવ જોવા મળી રહ્યો છે. ત્યારે અરવલ્લી જીલ્લાના બાયડ, મોડાસા, ધનસુરા, માલપુર જેવા શહેરોમાં પણ કોરોના વાયસરના કેસોમાં સતત વધારો થયો છે.



બાયડ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ એ તા.૨૩-૧૧-૨૦૨૦ થી તા.૧-૧૨-૨૦૨૦ સુધી બાયડ માર્કેટ યાર્ડ નું કામકાજ બંધ રાખવામાં આવ્યું છે. ખેડુતો પોતાનો માલ વેચવા માટે બાયડ માર્કેટયાર્ડ માલ વેચવા માટે આવવું પડતું હોય છે. પણ કોરોના કેસોના કારણે બાયડ માર્કેટયાર્ડના વેપારીઓની કોરોનો રીપોર્ટ પોઝીટીવ આવતા માર્કેટ યાર્ડ આઠ દિવસમાં માટે માર્કેટયાર્ડ બંધ રાખવામાં આવ્યું છે .

# ડીસામાં માસ્ક વગર ફરતા લોકોના આરોગ્ય વિભાગ દ્વારા કોરોના ટેસ્ટ

## ૩૦ ટેસ્ટમાંથી એક કોરોના પોઝિટિવ નીકળ્યો

ડીસા, તા. ૨૪

જીવલેણ કોરોનાએ ફરી માથું ઊંચક્યું છે. દિવાળીના તહેવારો બાદ કોરોનાના કેસોમાં ભારે ઉછાળો આવ્યો છે. સતત વધતા જતા કોરોના સંક્રમણને લઈ ચોતરફ ચિંતા ફેલાઈ છે. કોરોનાના વધતા જતા કેસોને લઈ ડીસામાં આરોગ્ય વિભાગ દ્વારા નવતર પ્રયાસ રૂપે ડીસાના બગીચા સર્કલ નજીક માસ્ક વગર ફરતા લોકોના સ્થળ ઉપર જ કોરોના ટેસ્ટિંગની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

આ કામગીરી દરમિયાન ૩૦ જેટલા લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા જેમાંથી એક વ્યક્તિને કોરોના પોઝીટિવ આવતા તેને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. કોરોના ટેસ્ટિંગની આ કામગીરીમાં ડીસા મામલદાર એલ.જે. મકવાણા, ડીસા પાલિકા ચીફ ઓફિસર ઉપેન્દ્ર ગઢવી, બ્લોક હેલ્થ અધિકારી ડો. જીગ્નેશ હરિયાણીના માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગના ડો. ભાર્ગવ દવે, ગૌસ્વામી પ્રિયકાબેન, હિતેશ પંડયા, અરવિંદ પુનડિયા સહિતના આરોગ્ય કર્મીઓ જોડાયા હતા.



# તલોદ પાલિકામાં સ્વૈચ્છીક બંધ રાખવા વેપારીઓ સાથે હોદ્દેદારોની બેઠક યોજાઈ

તલોદ, તા. ૨૪

તલોદ પાલિકા પ્રમુખ દક્ષાબા પ્રકાશસિંહ ઝાલા, ઉપપ્રમુખ ઋતુલકુમાર પટેલ, ચિફ ઓફીસર રામાનુજની અધ્યક્ષતામાં કોરોના મહામારીના વિકરાળરૂપને રોકવા સ્વૈચ્છીક બજારો બંધ રાખવા એક બેઠકનું આયોજન પાલિકાના હોલમાં વેપારીઓ સાથે યોજવામાં આવ્યુ હતુ, જેમાં મોટાભાગના વેપારીઓ ગેરહાજર હોવાથી નિર્ણાયક ભુમિકા ખોરંભે પડી હતી. પરંતુ હાજર વેપારીઓના સજેશનથી આગામી ગુરૂ, શુક્ર અને શનિ ત્રણ દિવસ બજારો બંધ થાય તેવા સ્વૈચ્છીક નિર્ણય જાણવા મળ્યા હતા. આ બંધ માટેની ભુમિકા માર્કેટયાર્ડના ચેરમેન કલ્પેશભાઈ પટેલે ભારપૂર્વક જણાવી માર્કેટ પણ સદંતર બંધ રાખવા અપીલ કરી હતી.

પાલિકાની બેઠકમાં ચિફ ઓફીસર રામાનુજ અને માર્કેટયાર્ડના ચેરમેન કલ્પેશભાઈ પટેલ કોરોના ફેલવા અંગે વિસ્તૃત ચર્ચા કરી તેને રોકવા સજેશનો દ્વારા બંધના એલાનનો નિર્ણય થાય તેવી શકયતાઓ જાણવા મળી છે. રાજ્ય સરકાર કોરોનાની ગંભીરતા સમજી અનેક પગલાંઓ લઈ રહી છે ત્યારે આ બિમારીનું સંક્રમણ ન ફેલાય તે હેતુથી નાના શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં બજારો સ્વયંભુ બંધ રાખે તે ઈચ્છી રહી છે.




તલોદમાં વધી રહેલા કોરોના કેસને ધ્યાનમાં લેતા બોલાવાયેલી આ બેઠકમાં ધંધા-રોજગાર વ્યવસાય સ્વયંભુ રીતે બંધ થાય તે ઉપર ભાર મુકાયો હતો જેમાં શાકભાજીની લારીઓને નિશ્ચિત સમય મર્યાદા સુધી ચાલુ રાખવા બેઠકમાં ચર્ચા થઈ હતી. લોકો બિનજરૂરી ઘરની બહાર ન નીકળે અને જરૂર હોય એવા સમયમાં માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સને અનુસરી તે માટે કડક પગલા લેવાય તે પણ આ બેઠકમાં મુખ્ય ચર્ચાનો વિષય બન્યો હતો.

# બનાસ મેડીકલ કોલેજ ખાતે ૧ કરોડના ખર્ચે કોરોનાના RTPCR ટેસ્ટ લેબ શરૂ

## બનાસ મેડિકલ કોલેજ દ્વારા થતાં કોરોનાનો RTPCR ટેસ્ટ જીલ્લાવાસીઓ માટે આર્શીવાદરૂપ બનશે : શંકરભાઈ ચૌધરી

પાલનપુર, તા. ૨૪

બનાસકાંઠા જિલ્લામાં કોરોના મહામારીથી સંક્રમિત થયેલા દર્દીઓ અને કોરોના શંકાસ્પદ દર્દીઓની સંખ્યા હાલમાં મોટા પ્રમાણમાં વધી રહી છે. કોરોનાના સંક્રમિત અને શંકાસ્પદ દર્દીઓની સારવાર બનાસ મેડિકલ કોલેજ સંલગ્ન જનરલ હોસ્પિટલ ખાતે આપવામાં આવી રહી છે. કોરોનાનું સચોટ નિદાન કરવા માટે ઈંઝઈ ટેસ્ટ કરવો ફરિજયાત છે. આ ટેસ્ટ કરવાની સુવિધા પાટણ ધારપુર મેડિકલ કોલેજ કે અમદાવાદ ખાતે ઉપલબ્ધ હોવાથી બનાસકાંઠાના દર્દીઓના સેમ્પલ ધારપુર કે પાટણ મોકલવામાં આવતા હતા. જે રિપોર્ટનું પરિણામ આવતા બે થી ત્રણ દિવસ જેટલો સમય લાગતો હતો. આ સમયગાળા દરમિયાન દર્દીઓની માનસિક સ્થિતિ પર તણાવમાં રહેતી હતી. જ્યારે શંકાસ્પદ દર્દીઓમાં નેગેટીવ હોય તેઓને પણ આઈસોલેશનમાં સાથે રાખવા પડતા. જેથી આવા દર્દીઓમાં પણ કોરોના સંક્રમણ થવાનું જોખમ વધુ રહેતું હતું. આવી કપરી પરિસ્થિતિમા જો કોરોનાનું સચોટ નિદાન જેટલું વહેલું થાય તેમ સમયસર યોગ્ય પગલા લઈ અસરકારક સારવાર આપી શકાય. જે બાબત ધ્યાનમાં રાખી બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીએ બનાસ મેડિકલ કોલેજ ખાતે ઘર આંગણે કોરોનાનો RTPCR ટેસ્ટ શરૂ થાય તે દિશામાં કામ કરવાનો અતિ મહત્વનો વિચાર રજુ કરેલ હતો. કોરોના ની મહામારીની વિકટ પરિસ્થિતિમાં સ્વાસ્થ્ય ક્ષેત્રે શંકરભાઈ ચૌધરીએ રજૂ કરેલ અતિ મહત્વના વિચારને ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટે વધાવી લીધો. બનાસ મેડિકલ કોલેજ ખાતે રૂ. ૧ કરોડના ખર્ચે કોરોનાના RTPCR ટેસ્ટ માટે લેબ પ્રસ્થાપિત કરવામાં આવી છે.




આ RTPCR લેબ માટેની ભારત અને ગુજરાત સરકારના આરોગ્ય વિભાગની જરૂરી મંજૂરીઓ અને NABLનું પ્રમાણપત્ર મેળવીને કોરોનાનો RTPCR ટેસ્ટ શરૂ કરાયા છે. અત્યંત ટૂંકા સમયગાળામાં ઘર આંગણે બનાસ મેડિકલ કોલેજ દ્વારા કોરોનાનો RTPCR ટેસ્ટ શરૂ કરાયો તે આપણાં માટે ગૌરવની વાત છે. આ ટેસ્ટની સુવિધા બનાસ મેડિકલ કોલેજ ખાતે ઉભી થતા બનાસકાંઠા જિલ્લા અને આજુબાજુના વિસ્તારના દર્દીઓના RTPCR ટેસ્ટ માટેના સેમ્પલો મોરીયા ખાતે આવવા લાગ્યા છે. હાલમાં રોજના ૩૦૦ જેટલા સેમ્પલ આવે છે. બનાસ મેડિકલ કોલેજ ખાતે રોજના ૫૦૦ સેમ્પલના ટેસ્ટ થઈ શકે તેટલી ક્ષમતા આ RTPCR લેબ ધરાવે છે. કોરોના મહામારીને સમયમાં બનાસ મેડીકલ કોલેજમાં શરૂ થયેલી આ સેવા જિલ્લાના અનેક લોકો માટે આશીર્વાદરૂપ સાબિત થશે.

# પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર કોરોનાથી સંક્રમિત થયા

## તબિયત બગડતા સિવિલ ખાતે બતાવવા ગયાં હતા : ચેકઅપ દરમ્યાન કોરોના પોઝીટીવ રીપોર્ટ આવ્યો

પ્રાંતિજ, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર કોરોનાની ઝપેટમાં આવી ગયા છે.



પ્રાંતિજ-તલોદમાં કોરોનાએ માથું ઉચકયુ છે અને પ્રાંતિજ-તલોદ સહિત તાલુકામાં કોરોના પોઝીટીવ કેસોમાં વધારો થઈ રહ્યો છે ત્યારે પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારની તબિયત બગડતા તેવો તલોદ સિવિલ ખાતે બતાવવા ગયાં હતા ત્યા ચેકઅપ દરમ્યાન કોરોના પોઝીટીવ રીપોર્ટ આવતા તેવો કોરોના પોઝીટીવ થતા પોતાના ઘરે હોમ કોરોન્ટાઈન થયા છે.

# જિલ્લા પ્રાંતિજ શિક્ષણાઅધિકારીનો નવા વર્ષમાં જ શિક્ષાત્મક ધડાકો

## હિંમતનગરના સરોલી પ્રાથમિક શિક્ષકની અન્ય તાલુકામાં બદલી સાથે બે વર્ષનો ઇજાફો અટકાવ્યો : શિક્ષાત્મક પગલાથી જીલ્લા સહિત તાલુકાના ગુલ્લીબાજ શિક્ષકોમાં ભય

પ્રાંતિજ, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણાઅધિકારીનો નવા વર્ષમાં જ શિક્ષાકત્મક ધડાકો હિંમતનગરના સરોલી પ્રાથમિક શાળાના શિક્ષકની તાલુકા ફેરમાં બદલી સાથે બે વર્ષનો ઈજાફો અટકાવ્યો હતો. પ્રાંતિજના તાજપુર ખાતે તાજપુર પ્રાથમિક શાળામાં અગાઉ ફરજ બજાવતી બે શિક્ષિકાઓનો એક વર્ષનો ઈજાફો અટકાવ્યો.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાઅધિકારી હર્ષદભાઈ ચૌધરી દ્વારા શિક્ષાકત્મક પગલા ભરવામાં આવ્યા છે જેમાં સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના સરોલી પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા મુખ્ય શિક્ષક અશોકકુમાર રમેશભાઈ પ્રજાપતિ તેવો પોતાની ફરજ દરમ્યાન ગુજરાત રાજય સેવા વર્તણુક નિયમ ૧૯૭૧ ૩(૧)(૨) નો ભંગ કરેલ હોય શાળા વહીવટી હિસાબ બાબતે જિલ્લામાં અન્ય તાલુકાની શાળામાં તાલુકા ફેર બદલી કરવામાં આવી હતી જેમાં ઈડરમાં તાલુકાના બડોલી-૧ પ્રાથમિક શાળામાં બદલી કરવામાં આવી તો તેવોનો બે વર્ષનો ઈજાફો ભવિષ્યની અસર સિવાય અટકાવવામાં આદેશ કરવામાં આવેલ છે ત્યારે પટેલ હસુબેન કેશવલાલ ઉ.શિ. પંથાલ તા.ખેડબ્રહ્મા તથા પટેલ શિતલબેન દિનેશભાઈ ઉ.શિ. ભદ્રેસર તા.ઈડર બન્ને શિક્ષિકાઓને અગાઉ પ્રાંતિજના તાજપુર ખાતે પોતાની ફરજ દરમ્યાન ગુજરાત રાજય સેવા વર્તણુક નિયમ ૧૯૭૧ ના ૩ (૧)(૨) નો ભંગ કરેલ હોય અને ગુજરાત સેવા શિસ્ત અને વર્તણુકના નિયમ-૬(૧) અન્વયે બન્ને શિક્ષિકાઓને એક વર્ષનો ઈજાફો અટકાવવાનો આદેશ કરવામાં આવેલ છે. જાણવા મલ્યુ છે કે હજુ કોર્ટ મેટરને લઈને હજુ એક વધુ શિક્ષકનું પેડીંગ રાખવામાં આવ્યું છે ત્યારે આવી શિક્ષા થાય છે પણ જે તેની સેસબીમા તાલુકા પ્રાથમિક શિક્ષણાઅધિકારી નોધ કરે છે કે કેમ એ પણ તપાસનો વિષય બન્યો છે ત્યારે હાલ તો નવા વર્ષમાં જ શિક્ષાકત્મક પગલા સાથે ધડાકો થતા ગુલ્લીબાજ શિક્ષકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

# ભીલડીના વેપારી અને સહકારી અગ્રણીના નિધનથી શોકની લાગણી

## માર્કેટયાર્ડના વેપારીઓએ બંધ પાળી શ્રદ્ધાંજલિ અર્પી

ધી ભીલડી મર્કેન્ટાઇલ સહકારી મંડળીના ચેરમેન અને આદર્શ વિદ્યાલય સંચાલક મંડળના પ્રમુખ તેમજ ભીલડી રોટરી કલબના ભૂતપૂર્વ પ્રમુખ તથા ભીલડી માર્કેટયાર્ડના અગ્રણી વેપારી જગમાલભાઈ એસ. પટેલનું ટુંકી માદગી બાદ અમદાવાદ ખાનગી હોસ્પીટલ ખાતે ગઈકાલે મોડી સાંજે સારવાર દરમિયાન અવસાન થતા ભીલડી પંથકમા શોકની લાગણી છવાઈ હતી.

ધુરંધર સહકારી આગેવાન અને મિલનસાર સ્વભાવ ધરાવતા સેવાભાવી જગમાલભાઈ પટેલના ધર્મપત્ની ભારતીબેન ચૌધરી દિયોદર તાલુકા પંચાયતમાં પ્રમુખ તરીકે ઉમદા સેવા આપી ચુકેલ છે. જેઓનું આકસ્મિક નિધન થતા તેમની સ્મશાન યાત્રામાં રાજકીય આગેવાનો તેમજ મોટી સંખ્યામા લોકો જોડાયા હતા.

તેમના માદરે વતન દિયોદર તાલુકાના ઓઢા ગામે અંતિમ સંસ્કાર આપવામાં આવ્યા હતા. સહકારી આગેવાનના અચાનક અવસાનથી ભીલડી પંથકમાં શોકની લાગણી પ્રસરી હતી. જ્યારે તેમના પરિવાર ઉપર તો આભ તૂટી પડ્યું હતું. સદગતના માનમાં માર્કેટયાર્ડના વેપારીઓએ સ્વેચ્છાએ બંધ પાળી શ્રદ્ધા સુમન અર્પણ કર્યા હતા.

# બાયડ નગરપાલિકામાં કર્મચારીઓનો ડ્રેસ કોડ નક્કી કરાયા

## બાયડ નગરપાલિકામા પ્રથમવાર કર્મચારીઓને ડ્રેસ આપવામાં આવ્યા

બાયડ

બાયડ નગરપાલિકામા આજરોજ કર્મચારીઓ ને ડ્રેસ નું વિતરણ કરવામાં આવ્યું હતું. બાયડ નગરપાલિકામા પ્રથમવાર કર્મચારીઓને ડ્રેસ નક્કી કરવામાં આવતા કર્મચારીઓની એક આગવી ઓળખ ઉભી થશે. બાયડ નગરપાલિકા ના ૩૦ ઉપરાંત કર્મચારીઓ ને બાય નગરપાલિકાના ચીફ ઓફિસર એમ.એમ ગઢવી તથા પ્રમુખ શાહીન બેનડી મલેક દ્વારા



વિતરણ કરવામાં આવ્યું હતું હવે નગરપાલિકાના કર્મચારીઓ અલગ જ અંદાજમાં કામ કરતા જોવા મળશે. ડ્રેસ મળતા જ કર્મચારીઓમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. નવીન ડ્રેસ મળતા જ કર્મચારીઓએ પાલિકાનો આભાર માન્યો હતો.

# બનાસકાંઠા પોલીસ દ્વારા ચાર કોરોના જન જાગૃતિ રથને લીલીઝંડી અપાઈ

## પાલનપુર અને ડીસામાં ભીડવાળી જગ્યા પર રથ ફરશે

કોરોના વાયરસની મહામારીને લઈ બનાસકાંઠા જિલ્લા પોલીસ દ્વારા ચાર કોરોના રથ તૈયાર કરી લોકોમાં જાગૃતિ લાવવા માટે પાલનપુર જિલ્લા પોલીસ વડાની કચેરીથી પ્રસ્થાન કરાવવામાં આવ્યા હતા.

બનાસકાંઠામાં કોરોના વાયરસના કેસોમાં ચિંતા જનક હદે વધારો થઈ રહ્યો છે.જેમાં કોરોના વાયરસનો ફેલાવો ન થાય અને ફેલાતો અટકાવી શકાય તે માટે વહીવટી તંત્ર દ્વારા અનેક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.જેનાભાગ રૂપે બનાસકાંઠા પોલીસ દ્વારા ચાર કોરોના વાયરસ જન જાગૃતિ રથ તૈયાર કરવામાં આવ્યા હતા.જેને પાલનપુર જિલ્લા પોલીસ વડાની કચેરીથી લીલી ઝંડી આપી જિલ્લા પોલીસ વડા તરૂણ દુગ્ગલ દ્વારા પ્રસ્થાન કરાવવામાં આવ્યુ હતુ.આ અંગે જિલ્લા પોલીસ વડાએ જણાવ્યું હતુ કે કોરોના વાયરસના વધતા જતા કેસોને લઈ કોરોના વાયરસ અંગે લોકોમાં જાગૃતિ આવે તેવા હેતુથી આ રથ તૈયાર કરવામાં આવ્યા છે.અને રથ પાલનપુર અને ડીસા શહેરમાં ભીડ વાળી જગ્યાઓ ઉપર ફરી ભીડ એકત્ર ન કરવા તેમજ માસ્ક ફરજીયાત પહેરવુ સહીતની સમજ આપી લોકોમાં જાગૃતિ લાવી કોરોના વાયરસના કેસોમાં ઘટાડો થાય તેવા પ્રયત્ન કરવામાં આવશે.



## બાયડ તાલુકાના જીતપુર ગામે તબેલામાંથી ૨ ભેંસોની ચોરી

બાયડ તાલુકાના જીતપુર ગામે ખેતરમાં આવેલા તબેલામાંથી બે ભેંસોની ચોરી થવા પામી હતી . આંબલીયારા પોલીસ સ્ટેશન મુજબ જતીનભાઈ અરવિંદભાઈ પટેલના ફરીયાદ અનુસાર ૨૩-૧૧-૨૦ થી ૨૪-૧૧-૨૦ રાત્રીના સમય દરમ્યાન ખેતરમાં આવેલ તબેલામાંથી ઢોરો બાંધેલા હતા સવારના સુમારે અરવિંદભાઈ ના ખેતરમાં આવેલ તબેલા ઉપર ભેસો તથા ગાયો દોહવા માટે ગયેલા તે વખતે તબેલામાંથી ઢોરો પૈકી બે ભેંસો જોવા મળેલ ન હતી. ગાય-ભેંસના તબેલામાંથી ૨૩-૧૧-૨૦ના રોજ મધ્ય રાત્રી સમયે ભેંસની કોઈ અજાણ્યા શખ્સ ભેંસને ઉઠાંતરી કરી ફરાર થયેલ છે.

### પ્રાંતિજ શેઠ પી એન્ડ આર હાઇસ્કુલનું ગૌરવ

# ધોરણ-૧૦નો વિદ્યાર્થી કાવ્ય સ્પર્ધામાં જિલ્લામાં બીજા સ્થાને આવ્યો

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે આવેલ શેઠ પી એન્ડ આર હાઈસ્કુલ ખાતે ધોરણ-૧૦નો વિદ્યાર્થી ઓનલાઈન કાવ્ય સ્પર્ધામાં જિલ્લામાં બીજા ક્રમે આવ્યો તો વિધાર્થીને કાવ્ય સ્પર્ધામાં પુરસ્કાર તરીકે અગિયાર હજારનો ચેક અને સર્ટીફીકેટ આપવામાં આવ્યુ. પ્રાંતિજ ખાતે આવેલ નગરપાલિકા સંચાલિત શેઠ પી એન્ડ આર હાઈસ્કુલ ખાતે માધ્યમિક વિભાગમાં ધોરણ-૧૦માં અભ્યાસ કરતો વિધાર્થી છગન



ભરવાડ દ્વારા તાજેતરમાં જ ગુજરાત ગૌરવ દિન ઉજવણીના ભાગરૂપે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ચિત્ર અને નિબંધ સ્પર્ધાનું ઓનલાઈન આયોજન કરવામાં આવ્યું હતું.

# રાજભવનના અધિકારીઓ અને કર્મચારીઓને રાષ્ટ્રની સ્વતંત્રતા અને અખંડિતતાના શપથ લેવડાવતા રાજ્યપાલશ્રી

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે આજે રાજભવનના અધિકારીઓ અને કર્મચારીઓને રાષ્ટ્રની સ્વતંત્રતા અને અખંડિતતાના શપથ લેવડાવ્યા હતા.

કેન્દ્રીય ગૃહ મંત્રાલય અને રાષ્ટ્રીય સાંપ્રદાયિક સદ્ભાવ પ્રતિષ્ઠાન, નવી દિલ્હીના ઉપક્રમે પ્રતિવર્ષ કોમી સદભાવ અને રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાની ભાવનાને સુદૃઢ બનાવવાના ઉદ્દેશથી ૧૯મી નવેમ્બરથી ૨૫ નવેમ્બર સુધી સાંપ્રદાયિક સદ્ભાવ અભિયાન સપ્તાહ દેશભરમાં મનાવવામાં આવે છે, તેના ભાગરૂપે રાજ્યમાં પણ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.